નં.જીઆઈડીસી/જ.મે/વિત/પોલીસી/૨૨/ ૧૧
જી.આઈ.ડી.સી. વડી કચેરી,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૨૨-૦૮-૨૦૦૬.

**પ રિ પ ત્ર.**

વિષય:- **હયાત એકમના વિસ્તરણ માટેનો લગત ઔદ્યોગિક હેતુ માટેનો પ્લોટ ઉપલબ્ધ ન હોય ત્યારે વસાહતમાં ઉપલબ્ધ અન્ય ઔદ્યોગિક હેતુ માટેનો પ્લોટ અગ્રતાક્રમથી ફાળવવા બાબત.**

સંદર્ભ:- **નિગમનો પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/જમે(વિત/રસુ)/પોલીસી/૨૨ તા.૩૧-૦૧-૨૦૦૬.**

:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

નિગમે કબજો પરત મેળવ્યો હોય તેવા પ્લોટ કે શેડના પુનઃ વિતરણ પ્રસંગે લગત પ્લોટ કે શેડના ઉદ્યોગને હરાજી વગર ફાળવવાની બાબત ઉપરોકત સંદર્ભમાં દર્શાવેલ તા.૩૧-૦૧-૨૦૦૬ના પરિપત્રથી અમલમાં મુકવામાં આવી છે. એકમના વિસ્તરણ માટે લગત પ્લોટ કે શેડ ઉપલબ્ધ ન હોય ત્યારે વસાહતમાં ઉપલબ્ધ અન્ય પ્લોટ અગ્રતાક્રમથી ફાળવવા નિગમની તા.૩૦-૦૬-૨૦૦૬ના રોજ મળેલી ૪૨૯ મી સભામાં નિર્ણય કરવામાં આવ્યો છે.આ નિર્ણયને અનુલક્ષીને સંદર્ભમાં દર્શાવેલા પરિપત્રની શરત નં.૭ સુધારવામાં આવે છે. આ સુધારા અનુસાર "ઔદ્યોગિક એકમે તેમને ફાળવેલા પ્લોટ કે શેડના લગત કે લગત પ્લોટ/શેડ ઉપલબ્ધ ન હોય ત્યારે વસાહતમાં ઉલપબ્ધ અન્ય પ્લોટ/શેડ ફાળવવા માંગણી કરશે તો તેમના મૂળ પ્લોટ/શેડના વિસ્તાર જેટલો કે તે વિસ્તાર કરતાં વધારે વિસ્તારના વિતરણ અંગે નિર્ણય કરવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રહેશે.

વધુમાં, સંદર્ભમાં દર્શાવેલા પરિપત્રની શરત નં.૧૦ પછી વધારાની શરતો ઉમેરવામાં આવે છે.

(૧) એકમના વિસ્તરણ માટે લગત પ્લોટ ઉપલબ્ધ ન હોય તેવા પ્રસંગે વસાહતમાં અન્યત્ર ઉપલબ્ધ પ્લોટ મૂળ પ્લોટની તમામ વસુલાત ચુકવી હોય તો હરાજી સિવાય પ્રવર્તમાન વિતરણ કિંમતે તા.૩૧-૦૧-૨૦૦૬ના પરિપત્રની શરતોએ ફાળવવો.

(૨) વિસ્તરણ માટે ફાળવવામાં આવતાં લગત પ્લોટ કે લગત પ્લોટ ઉપલબ્ધ ન હોય ત્યારે વસાહતમાં અન્ય સ્થળે વિસ્તરણ માટે ફાળવવામાં આવતા પ્લોટના કિસ્સામાં ઔદ્યોગિક હેતુથી ઉપયોગ થાય ત્યારથી ૦૭ (સાત) વર્ષ સુધીના સમયમાં તેની તબદીલી કરી શકાશે નહી.

આ પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ)ને પાઠવવા વિનંતી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

રવાના કર્યુ.
મેનેજર(મહેકમ)